તું મારું ઘર જોઇ ગયો છે હવે તને પતાવવો જ પડશે

પ્રિયકાન્ત દલાલની દસ વર્ષની દીકરી સાથે ભણતી મૈથિલી એક સાંજે ઘેર પહોંચતી નથી. દીકરી જણાવે છે કે મૈથિલી એના 'ચૌધરી ચાચા' સાથે કાંકરિયાની સહેલ માણવા જવાની હતી. પરંતુ વળતે દિવસે મૈથિલીની ચૂંથાયેલી લોહિયાળ લાશ જ મળે છે. અપરાધીની જરાક જ નિશાની મળે છે. એ નિશાનીવાળા પુરુષનો પીછો કરતાં ખુદ પ્રિયકાન્ત મોતના મુખમાં જઇ પડે છે...

નરાધમઃ 5

પ્રિયકાન્તે ગળામાં બાઝેલા ડૂમાને માંડ અંદર ઉતાર્યા. એ બોલ્યો- જાણે મૂળ પ્રિયકાન્ત નહીં પરંતુ કોઇ ઇતર જ આદમી બોલતો હોય- 'હું તો ખાલી આંટો મારવા નીકળેલો. બસ, જરાક આંટો મારવા.'

'ઘરની અંદર ચાલ, પહેલાં,' પેલાએ આજ્ઞા કરી.

એની આજ્ઞા માળ્યા વગર છૂટકો જ નહોતો. એની પાસે પિસ્તોલ હતી! એ આંગણું પાર કરીને પગથિયાં ચડ્યો. વરંડામાં ચડ્યો. બારણા ભણી ચાલ્યો.

'બારણું ધકેલ! અંદરથી ખુલ્લું જ છે.'

પ્રિયકાન્ત સમજી ગયો. આદમી પિસ્તોલ લઇને પાછલે બારણેથી નીકળ્યો હતો અને મારા પર ત્રાટક્યો હતો. એણે બારણું ખોલ્યું. બેઠક ખંડમાં પ્રવેશ્યા. કેટલીક ખુરશીઓ, લાંબો કેસ, એક ખૂણે ટીવી, એક ટીપોય, એટલી સામગ્રી હતી ખંડમાં અને અવાવરુપણાની ગંધ પ્રસરેલી હતી.

પેલાએ બારણું બંધ કર્યું. એણે પ્રિયકાન્તને આજ્ઞા કરી, 'પેલી ખુરશી પર બેસ!'

પ્રિયકાન્ત સાદી ખુરશી પર બેઠો. અહીં બેઠા એ રસોડા અને ડાઇનિંગ રૂમને જોઇ શકતો હતો. ડાબી બાજુએ એક બારણું હતું. એ કદાચ આગળનો બેડરૂમ હતો. પિસ્તોલવાળો ટીવી પાસેની એક ખુરશી પર બેઠો. પિસ્તોલ એણે ટીવીના સ્ટેન્ડ પર મૂકી. કપાળ લૂછ્યું. આ અણધારી આફતને કેમ પહોંચવું એના વિચાર એ કરોત હતો. પ્રિયકાન્તે જોયું કે એનું માથું લગભગ ટાલિયું હતું. આવડી ઉંમરનો માણસ નવ દસ વર્ષની છોકરીને ભોળવે અને...

'તારું નામ શું છે?'

'પ્રિયકાન્ત દલાલ.'

'મારું નામ યતીન શાસ્ત્રી છે. હમણાં હું એકલો છું. વાઇફ એને પિયર ભાવનગર ગઇ છે. હું એક બિલ્ડિંગ કોન્ટ્રાક્ટરને ત્યાં સુપરવાઇઝર છું, પણ એ જાણવાની તને શી જરૂર!'

'તમે કોણ છો એની ખબર પડે તો...'

'તને એ બધાની શી પંચાત? પણ તુંતો આ ઉઝરડા જોવા માગે છે કેમ? ઉઝરડાની પાછળ પાછળ આવ્યો છે કેમ? મારી મોટરનો નંબર જાણવો છે, કેમ? એ બધાનો મતલબ સમજું છું.'

આટલું બોલીને એ ઘડીભર અબોલ રહ્યો. વળી એણે પોતાની બાંય ઊંચી કરીને ઉઝરડા જોવા માંડ્યા. ભવાં ચડાવીને જોવા માંડ્યા! એ લગભગ બબડતો હોય એમ બોલ્યો, 'સાલી મને ઉઝરડા મારતી ગઇ. એ વખતે તો મને ખબર પણ નહીં પડેલી, પણ પછી છાપામાં વાંચ્યું કે પોલીસવાળાઓને હાથે ઉઝરડાવાળા આદમીની તલાશ છે. જો કે એમ છતાં મને કશી ચિંતા નહોતી. ઉઝરડા તો અનેક લોકોને પડે છે.'

'તો તમે જ ચૌધરી ચાચા છો!' પ્રિયકાન્ત બોલી ઉઠ્યો. યતીને મસ્તક હલાવીને સ્વીકાર કર્યો. 'એણે મારું એવું નામ પાડેલું. મજાની છોકરી હતી. જોતાં જ આંખમાં વસી જાય એવી. હું એને કાંઇ કરવાનો ન હતો. બસ, બે ઘડી ગમ્મત પણ સાલી બિલાડીની જાત નીકળી. ઝનૂને ચડીને સામનો કરવા લાગી. નહોર માર્યા. ભાગી, પણ આ કાર્પેટમાં અટવાઇ પડી. માથું ફોડી બેઠી.'

'અહીં... આ મકાનમાં એ બનેલું?'

'હા, અહીં... એને મોટરમાં બેસીને કાંકરિયાની સહેલ માણવી હતી, પણ કશું ગરમ કપડું પહેરેલું નહીં. સુશીલાની... મારી વાઇફની... શાલ લેવા અહીં આવેલાં... છોકરી ઠરી ના જાય.'

પ્રિયકાન્તને આ બધાં બચાવનામામાં રસ નહોતો. એક પ્રચંડ નિર્વેદથી એનું કાળજુ છલકાવા લાગ્યું હતું. અહીં... આ જ જગાએ આ નીચ જાનવરે એક નાનકડી છોકરી પર આક્રમણ કર્યું હતું... એ કાર્પેટમાં ચીવાઇને પડી હોય તોય શું, મૂળ કારણ તો આ બદમાશ જ હતો ને!

યતીન તો હજુ બોલ્યે જતો હતો, 'એને ચોકલેટો બહુ ભાવતી કહે કે મારાં મા બાપ મને ચોકલેટો અપાવતા નથી. હું એને ચોકલેટો અપાવતો અને એ રાજી થઇ જતી. હું એને...એને... બસ રમાડવા માગતો હતો. પણ એક્સિડન્ટ થઇ ગયો. એક્સિડન્ટ. સમજ્યો તું? એક્સિડન્ટ!'

અચાનક યતીનના અવાજમાં કર્કશતા આવી ગઇ. પ્રિયકાન્ત ચોંક્યો. અત્યાર સુધી સાધારણ સ્વરે વાત કરતા આ માણસમાં આ કેવું પરિવર્તન આવી ગયું! યતીનના ચહેરા પર ગંદી રેખાઓ ખેંચાતી એણે જોઇ. આદમી અર્ધપાગલ હતો કે શું?

એ ફરી વાર ગરજ્યો, 'મેં કીધું એ સમજાયું તને? એક્સિડન્ટ!'

પ્રિયકાન્તે મસ્તક હલાવ્યું. એનો કંઠ શોષાઇ રહ્યો હતો. એણે પોતાની અને પિસ્તોલની વચ્ચેનું અંતર માપ્યું. એ હસ્તગત કરવાનો સંભવ નહોતો.

'છાપામાં મારે અંગે લખાયું છે એ બધું ખોટું છે.

'હં... ખોટું છે.' પ્રિયકાન્તે સંમતિ ઉચ્ચારી આ પાગલ આદમીને છંછેડવામાં માલ નથી, એટલું તો પ્રિયકાન્તને સમજાતું હતું. દરમિયાનમાં એને મહાત કરવાનો ઉપાય ખોળવાનો હતો.

'તું જૂઠું બોલે છે!' યતીને ધડાકો કર્યો.' મને ઉલ્લુ બનાવવા તું ખોટું બોલે છે. ખરેખર તો તું મને ખૂની માને છે ખરું ને? અને તું મારું ઘર જોઇ ગયો છે. હવે મારે તને પતાની જ દેવો પડશે. ચાલ, પેલી બારી પાસે જા... મારા ઘરમાં પેસવા કોશિશ કરનારને ફૂંકી મારવાનો હક છે મને... ચાલ, ઉઠ જા, બારી પાસે જા!'

પ્રિયકાન્ત સમજી ગયો. યતીનના દિમાગ પર ખૂની વૃત્તિ સવાર થઇ છે. નાલાયક ક્યાંકથી દેશી પિસ્તોલ લઇ આવ્યો લાગે છે પણ એ મોત જરૂર નિપજાવી શકે.

એ ઊભો થયો. બારી તરફ ચાલ્યો. એ બારી અને બાજુના બારણાની વચ્ચે જ દીવાલ પર વીજળીનું સ્વીચબોર્ડ હતું. એની એક જ સ્વીચ નીચી હતી, જે આ રૂમની બત્તીની હતી, એ ચોક્કસ. જો એકદમ કૂદીને એ સ્વીચ ફેરવી દેવાય...એણે બારીની આંકડી સાથે ઘડીભર રમત કરવા માંડી. એની નજર સતત યતીન તરફ હતી. યતીને પિસ્તોલ હાથમાં લઇ લીધી હતી. બંદૂકબાજીનો તો એનેય મહાવરો જણાતો નહોતો. ઉશ્કેરાટવશ પિસ્તોલ એનાય હાથમાં ધ્રૂજી રહી હતી.

પ્રિયકાન્તે બારીની ઉપરની આંકડી ખોલવા માટે લંબાવેલો હાથ એકદમ નાગફેણની જેમ વીંઝ્યો. પેલી સ્વીચ એણે ચડાવી દીધી. એ જ ક્ષણે એ ફર્શ પર સૂઇ ગયો. ઓરડો અંધારો ઘોર બની ગયો. એણે માનેલું કે હમણાં જ પિસ્તોલની ગોળી છૂટશે. પરંતુ એવું કાંઇ ન બન્યું. યતીને આડેધડ ગોળી છોડવાને બદલે ધીરજથી અને કુનેહથી ગોળી છોડવાનું ઠરાવ્યું હોય એમ લાગ્યું. અમસ્તી પણ પિસ્તોલમાં એક ગોળી હોય છે અને એ સાચવીને છોડવાની હોય છે. આદમી પાગલ હતો, પણ બહુ નહીં! એ અંધકારમાં પ્રિયકાન્તને કોઇક રીતે પારખીને ગોળીબાર કરવા ચાહતો હતો.

પ્રિયકાન્ત માટે બચવાનો એક જ ઉપાય હતો. તદ્દન નિરવપણે પડ્યા રહેવું. એ સમગ્ર શરીરને અને શ્વાસનેય સંકોચીને પડ્યો રહ્યો.

અલબત્ત, એમ પડ્યા રહ્યે પણ પાલવે નહીં. ગમે તે ઘડીએ આજુબાજુ જતી આવતી કોઇ મોટરગાડીની કે અન્ય વાહનની હેડલાઇટનો પ્રકાશ આ ઓરડાની અંદર પહોંચે અને પોતાનો આકાર દેખાઇ જાય... ના, માત્ર બચાવ નહોતો કરવાનો. યતીનને પ્રહાર કરવાની તક મળે તે અગાઉ આક્રમણ કરવાનું હતું. એણે યતીન તરફ નિરવપણે સરકવા માંડ્યું.

યતીન ખિલખિલ કરતો હસી પડ્યો. 'સાંભળ, મૂરખા! આ મારું ઘર છે. આ ઓરડાને હું ઓળખું છું. હમણાં જ હું તને ખોળી કાઢીશ અને... ધાંય! હા...હા...હા...'

પણ યતીન આ બકવાસ કરતો હતો, એ દરમિયાન તો પ્રિયકાન્તને સરકવાની ઓર સગવડ મળી ગઇ. એણે અવાજ પરથી યતીન અને પોતાની વચ્ચેના અંતરનો અંદાજ બાંધ્યો અને એ પછી તરત જ વાઘની અદાથી, તીવ્ર ગતિએ તરાપ મારી. એનું મસ્તક યતીનના પેડૂમાં ધમાક કરતું અથડાયું. બે અવાજ એક સાથે આવ્યા. પિસ્તોલના ધડાકાનો અવાજ અને યતીનના વોયકારાનો અવાજ!

પિસ્તોલની એ આકસ્મિક ઉતાવળી ગોળી તો ખાલી જવા જ નિર્માયેલી હતી અને આ તો પિસ્તોલ હતી. રીવોલ્વર નહોતી. પ્રિયકાન્તના ધસારાથી પીઠભેર ગબડી પડેલા યતીનને એણે દબાવી જ રાખ્યો. યતીને પિસ્તોલનો હથોડી તરીકે પ્રકાર કરવા ઉપયોગ કરવા કોશિશો કરી, પરંતુ પ્રિયકાન્તે એના એ હાથને પહેલાં ફર્શ સાથે પછાડીને પછી મરડી નાખ્યો. એને પિસ્તોલ છોડી દેવા મજબૂર કર્યો. યતીને બીજે હાથે પ્રિયકાન્તને ગાલે, ગળે, ખભે પુષ્કળ મુક્કા માર્યા. પ્રિયકાન્તે એ સહન કરીનેય પ્રથમ પિસ્તોલ છોડાવી અને પછી યતીનની છાતી પર બેસીને પોતાના બંને હાથે એના ચહેરા પર મુક્કા વરસાવવા માંડ્યા. એને પોતાની ખબરેય નહીં કે મારામાં આટલી તાકાત છે! પોતે આટલી ઝડપથી મુક્કા વરસાવી શકે છે એવું તો કદી નહીં ધારેલું. કોઇ ઝડપી યંત્રની જેમ એ મુક્કા વરસાવતો જ રહ્યો.

એ દરમિયાનમાં યતીનનો ચહેરો ક્યારે પૂરેપૂરો ચીરાઇ ગયો, ક્યારે એના આંખ-નાક-કાનમાંથી લોહી દદડવા લાગ્યાં, ક્યારે એ બેહોશ બનીને નિશ્ચેતન બની ગયો... પ્રિયકાન્તે ઘરી વાર સુધી આ કશાનો ખ્યાલ પણ ન આવ્યો. આખરે ઘણી વારે એની ઉત્તેજના શમી અને વાસ્તવનો ખ્યાલ આવ્યો ત્યારે એ ઘૃણાપૂર્વક એ જાનવરની છાતી પરથી ઊભો થયો. એને અચાનક ખ્યાલ આવ્યો કે પોતાના બંને હાથ ભીનાભીના લાગે છે! એણે બત્તી કરી. હાથ જોયાં. બંને હાથ લોહી નીતરતા હતા!!

એણે બહાર નીકળીને બાજુના બંગલાવાળાને સાદ કર્યો. એમને વિનંતી કરી કે પોલીસને બોલાવો.

નવરંગપુરા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર દિનકર દેસાઇ સાથે આવેલા અજય વર્માએ ઓરડાનો દેખાવ જોઇને એક જ વાત ઉચ્ચારી, 'મને તમારી અદેખાઇ આવે છે, મિસ્ટર દલાલ. તમારે સ્થાને હું હોત તો મઝા આવત!'

(વાચક મિત્રો! જરાક જુદા પ્રકારની વાર્તાનું અમારું વચન હતું. એનો નાયક કોઇ ડિટેક્ટીવ નહીં પણ એક નાગરિક છે. રહસ્યનો ઉકેલ એ નાગરિકે આણ્યો છે. મઝા આવી?)

'તો તમે જ ચૌધરી ચાચા છો!' પ્રિયકાન્ત બોલી ઉઠ્યો. યતીને મસ્તક હલાવીને સ્વીકાર કર્યો. 'એણે મારું એવું નામ પાડેલું. મજાની છોકરી હતી. જોતાં જ આંખમાં વસી જાય એવી. હું એને કાંઇ કરવાનો ન હતો. બસ, બે ઘડી ગમ્મત પણ સાલી બિલાડીની જાત નીકળી. ઝનૂને ચડીને સામનો કરવા લાગી. નહોર માર્યા. ભાગી, પણ આ કાર્પેટમાં અટવાઇ પડી. માથું ફોડી બેઠી.'

રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા